Shree Ghoghari Lohana Mahajan Mumbai

PRICE ₹ 5

શ્રી ઘોઘારી લોહાણા

(પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬ -બી)

# સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈનું મુખપત્ર

તંત્રી : શ્રી અષ્ટકાંત હરીલાલ સુચક

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪

ફોન: +૯૧-૨૨-૨૬૨૮૩૭૧૫ - Email : secretary@sglm.in - Website : www.sglm.in

Vol. No. 1 Issue No. 3 APRIL - 2016 મંગળવાર, ૧૯ એપ્રિલ ૨૦૧૬

## તંત્રી સ્થાનેથી

સૌ પ્રથમ તો આ અંક મોડો થવા બદલ આપ સૌની ક્ષમા માગું છું.

મારી વ્યક્તિગત મુશ્કેલીઓને લીધે અંક મોડો થયેલ છે. તે બદલ હું પ્રમુખશ્રી, મેનેજીંગ કમીટી તથા ટ્રસ્ટીઓ અને આપ સૌની ક્ષમા માગુ છું.

આ મુખપત્ર દ્વારા આપણા સમાજના દરેક મેમ્બરોને આપણા સમાજની પ્રવૃત્તિઓની, મેડીકલ તેમજ શૈક્ષણિક સહાયની અને દરેક પ્રવૃત્તિની જાણ થાય તે ઉદ્દેશ્ય છે. જેમાં મહદઅંશે અમો સફળ થયા છીએ. આપણા પૂર્વજોની મિલ્કતોની જાળવણીની જાણકારી, ભૂતકાળની અને અત્યારની સમાજની સામે પહોંચાડવામાં અમે પ્રયત્ન કરેલ છે. જેમાં સફળ રહ્યા છીએ.

આપના મંતવ્યો અને સૂચનો આવકાર્ય છે. આ બધા કાર્યમાં મને મદદરૂપ થવા બદલ શ્રી ધીરૂભાઈ મીરાણીનો આભાર માનું છું.

## સ્ટાફ જોઈએ છે

આપણી સંસ્થાની ઓફીસમાં કાર્ય કરી શકે અને કોમ્પ્યુટરની જાણકારી હોય તેવા ભાઈ અથવા બેન તેમજ એક પ્યુનની તાત્કાલીક જરૂરીઆત હોઈ અંધેરીની ઓફીસમાં સંપર્ક કરવો. અથવા

**જતીનભાઈ પોપટ** - ૯૨૨૩૪૩૨૭૪૫

**દેવેન્દ્રભાઈ સોમૈયા** - ૯૮૨૧૦૦૯૩૩૯

**અજીતભાઈ વજાણી** - ૯૯૬૭૯૬૬૬૯૯ નો સંપર્ક કરવો.

## આગામી વર્ષનું બજેટ

તા. ૨૦-૩-૨૦૧૬ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સભાની સંયુક્ત સભામાં આગામી વર્ષ માટે મહાજનશ્રીના વિવિધ પ્રવૃત્તિઓ માટે આગામી વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે નીચે મુજબ બજેટ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

| | | |
|---|---|---|
| **આર્થિક સહાય માટે** | રૂ. | ૨૬,૦૦,૦૦૦/- |
| **શિક્ષણ સહાય માટે** | રૂ. | ૩૦,૦૦,૦૦૦/- |
| **તબિબિ સહાય માટે** | રૂ. | ૧૫,૦૦,૦૦૦/- |
| **ઈવેન્ટ માટે** | રૂ. | ૧૬,૦૦,૦૦૦/- |
| **મીડીયા માટે** | રૂ. | ૩,૦૦,૦૦૦/- |
| **લીગલ કમીટી** | રૂ. | ૫,૦૦,૦૦૦/- |
| **ઈલેકશન ખર્ચ** | રૂ. | ૧,૦૦,૦૦૦/- |
| **અંધેરી વાડી ખર્ચ** | રૂ. | ૫,૦૦,૦૦૦/- |
| **ઓફિસ ખર્ચ** | રૂ. | ૭,૫૦,૦૦૦/- |
| **ટોટલ ખર્ચ** | રૂ. | ૧,૦૮૫૦,૦૦૦/- |

તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ પાસે રૂા. ૫૦,૦૦,૦૦૦/- ની તેમના ટ્રસ્ટના ધારા ધોરણ મુજબ સહાય કરવા માટે મહાજનશ્રીએ વિનંતી કરી હતી.

આમંત્રિત સભ્ય શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલાએ પ્રેમપુરી આશ્રમમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે. તેની માહિતી આપી હતી અને અંધેરી વાડીની જગા મેડીકલ સહાય માટે ઉપયોગમાં લઈ શકાય અને પ્રેમપુરી આશ્રમની જેમ સારા ડૉકટરોની વ્યવસ્થા થઈ શકે તો તે કરવા જણાવેલ.

# SGLM Cricket team


આપણા મહાજનની રમત-ગમત સમિતી દ્વારા ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવે છે.
આ ટીમમાં નવા મેમ્બરોના નામો લખવાનું હજી ચાલુ છે તો વહેલી તકે સંસ્થામાં તમારાં નામો નોંધાવો.
આપણી ક્રિકેટ ટીમનાં ખેલાડીઓના નામ આ મુજબ છે. (આજ સુધી મળેલ)


યોગેશ વસાણી (કેપ્ટન)


નિર્સગ સાચતા


હસમુખ નથવાણી


ભાવિક સોઢા


ભાર્ગવ નથવાણી


હરિષ વસાણી



ગૌરવ વસાણી


સંદીપ રૂપારેલીયા


જીગર ભીમજીયાણી


નિખિલ વસાણી


વિપુલ કારીયા


નિમિત વિઠલાણી


દેવાંગ રૂપારેલ


વૈભવ રૂપારેલ


ભાવિક ઠક્કર

હર્ષ હરેશભાઈ વાઘાણી

# સ્નેહ મિલન, સરસ્વતી સન્માન સહ વરિષ્ઠ સભ્યોનું સન્માન તથા શ્રી જયંતિલાલ નંદલાલ સેજપાલને જ્ઞાતિરત્ન સન્માન-પત્ર

દર વરસની જેમ આ વરસે પણ શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા દિપોત્સવી તથા નૂતનવર્ષના અભિનંદનની પરસ્પર આપલે કરવા સ્નેહ-મિલન સહ સ્વરૂચી ભોજન, સરસ્વતી સન્માન સહ વરિષ્ઠ સભ્યોનું જાહેર સન્માન તથા શ્રી જયંતીલાલ નંદલાલ સેજપાલને જ્ઞાતિરત્ન સન્માન-પત્ર અર્પણનો કાર્યક્રમ તા. ૨૨-૧૧-૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૬ વાગ્યાથી શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરી (વેસ્ટ) મધ્યે આયોજીત કરાયો હતો.

આપણા મહાજનના ઈતિહાસમાં સર્વપ્રથમવાર આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ તેમના પદાધિકારીઓ, તેમજ શ્રી હાલાઈ લોહાણા મહાજન તથા શ્રી કચ્છી લોહાણા મહાજનના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રીમતી અલ્કાબેન પ્રવિણભાઈ કોટક, , મુંબઈ મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મંત્રી શ્રી શંભુભાઈ હરીયાણી, મુંબઈ મહારાષ્ટ્ર વિભાગીય મહિલા અધ્યક્ષ તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી, મહાપરીષદના મંત્રી તથા શ્રી હાલાઈ લોહાણા મહાજનના મેને.ટ્રસ્ટી શ્રી પીયુષભાઈ ગંઠા, મહાપરીષદ મુંબઈ-મહારાષ્ટ્ર વિભાગ યુવા અધ્યક્ષ નિખીલ સુબા, વિભાગીય પ્રભારી શ્રી ભરતભાઈ દનાણી, ખજાનચી શ્રી નિતિનભાઈ પાંધી, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રી ધીરૂભાઈ મીરાણી, શ્રી હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રી સૂરેન્દ્રભાઈ તન્ના, શ્રી હાલાઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રી અરિવંદભાઈ ગોટેચા, શ્રી હાલાઈ લોહાણા મહાજનના મંત્રીશ્રી રજનીકાંતભાઈ કારીયા, શ્રી હાલાઈ લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ ચોટાઈ, શ્રી હિંમતભાઈ સોમૈયા, શ્રી ભાવેશભાઈ મીરાણી, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠ્ઠલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી દિપકભાઈ વસાણી, શ્રી કનુભાઈ મગદાણી, ડૉ. સૂર્યાબેન રૂપારેલીયા, શ્રી હરગોવિંદભાઈ વિઠલાણી, શ્રીમતી ઈન્દીરાબેન વિઠલાણી, શ્રી નિમેષભાઈ સાયાણી, લોહાણા વિદ્યાર્થી ભવન વડાલાના શ્રી ભરતભાઈ ઠક્કર, ડૉ. શ્રી આર.જી.જીમુલીયા, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરીના પ્રમુખ શ્રી રમેશભાઈ વસાણી, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ મશરૂ, ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ રાજા, શ્રીમતી જ્યોતિબેન રાજા, નાસીક મહાજનના પ્રમુખ શ્રી દીલીપભાઈ પજવાણી, ભૂ.પૂ. ટ્રસ્ટી શ્રી રમેશભાઈ વસાણી, ભૂ.પૂ. ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ સૂચક, ભૂ.પૂ. ટ્રસ્ટી શ્રી વિનુભાઈ વસાણી અને વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ



કોટકનું પુસ્તક તથા શાલ આપી સ્વાગત કરેલ અને મહાજનનાં ઉપપ્રમુખ ધર્મીબેન મગદાણીએ શ્રીમતી અલકાબેન કોટકનું સ્વાગત કરેલ. આજ રીતે મહાપરિષદના દરેક પદાધિકારીઓનું અભિવાદન મહાજનના પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ મુરબ્બી વડીલ શ્રી જયંતિલાલ નંદલાલ સેજપાલ કે જેઓ ૯૨ વર્ષની ઉંમરે પણ સામાજીક સેવામાં કાર્યરત છે. તેમનું સન્માન મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે જ્ઞાતિરત્ન સન્માનપત્ર અર્પણ કરી તથા શ્રી સતિષભાઈ વિઠલાણીએ શાલ ઓઢાડી અને સાથે સાથે વડાલા બોર્ડીંગના શ્રી ડૉ. આર.જી. જીમુલીયા, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરીના પ્રમુખ શ્રી રમેશભાઈ વસાણી તથા ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ રાજાએ પાઘડી પહેરાવી સન્માન કરેલ.

મહાજનના ૨૮ વરિષ્ઠ સભ્યોનું શ્રીફળ આપી, શાલ પહેરાવી સન્માન કરાયું હતું.

આ સ્નેહ મિલન સહ સરસ્વતી સમારંભમાં આ વર્ષે એસ.એસ.સી. તથા અન્ય વર્ગોમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર તથા સાંસ્કૃતિક અને રમત-ગમતના ક્ષેત્રમાં અન્ય વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવેલ.

શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ દ્વારા પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/-, દ્વિતિય આવનાર વિદ્યાર્થીને રૂા. ૭,૫૦૦/-, તૃતીયને રૂા. ૫,૦૦૦/- અને ૨,૫૦૦/- ૪ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. કુલ ૩૨ વિદ્યાર્થીઓને રૂા. ૧,૭૩,૫૦૦/- ના ચેકો આપવામાં આવેલ.

મહાજનના ચેરમેન, ટ્રસ્ટી શ્રી કુણાલભાઈ વજાણી દ્વારા દરેકને એક Back Pack બેગ ભેટ આપવામાં આવેલ.

શ્રી નિખીલભાઈ આયા (Osaka Kurnishing) દ્વારા દરેકને ગીફ્ટ વાઉચર આપવામાં આવેલ. તથા દરેક વિદ્યાર્થીઓને ગૌરવ પ્રમાણપત્ર આપવામાં આવેલ.

મહાજનના સભ્યોને ફ્રી એસ.એમ.એસ. સેવા આપવા બદલ શ્રી કિરણભાઈ રાયચુરા અને ફ્રી ગીફ્ટ વાઉચર આપવા બદલ શ્રી નિખિલભાઈ આયાનું મહાજન પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી તથા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા સન્માન કરવામાં આવેલ.

શ્રી પ્રવિણભાઈ કોટકે તેમના વ્યક્તવ્યમાં શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા કરાતા વિવિધ કાર્યોની પ્રશંસા કરી હતી. સાથે જ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક તથા તબિબિ ક્ષેત્રે કરાતી પ્રવૃત્તિઓની પણ પ્રશંસા કરી હતી.



મહાપરિષદના મુંબઈ મહારાષ્ટ્ર વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે મહાપરિષદ દ્વારા થનારા આગામી કાર્યક્રમો તથા કેન્દ્ર સરકાર દ્વારા અપાતી મદદ જેવી કે Skill Developmment, Start up India વગેરેની માહિતી આપેલ.

મહાજનના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ મહાજનની કાર્યવાહીથી સૌને વાકેફ કર્યા અને આગામી કાર્યક્રમોની જાણ કરી હતી. ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટી દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે શિષ્યવૃત્તિ તથા એજ્યુકેશન લોન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ મહાજન દ્વારા કરાતી Missed Call Seva તથા Medicalme ની માહિતી આપી હતી.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી જતીનભાઈ પોપટ તથા ધર્મીબેન મગદાણી, શ્રી અષ્ટકાંત સૂચક અને શ્રી ધીરૂભાઈ મીરાણીએ કરેલ.

અંતમાં શ્રી જતીનભાઈ પોપટે આભાર વિધિ કરેલ. આવેલ સર્વે આમંત્રિતોનો તથા વિદ્યાર્થી ભવનના સંચાલકોનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના અંતે આયોજેલ સ્વરૂચી ભોજનને ન્યાય આપી બધાં આનંદથી વિખેરાયા હતાં.



## શ્રી હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ સંચાલીત
## રમત ગમત સમિતી દ્વારા આયોજીત
## રઘુવંશી પ્રીમીયર લીગ - ૨૦૧૬

રમત ગમત સમિતી દ્વારા 'રઘુવંશી પ્રીમીયર લીગ - ૨૦૧૬' (ક્રિકેટ ટુર્નામેન્ટ)નું આયોજન ૨૩-૪-૧૬ થી ૮-૫-૧૬નાં દરમ્યાન વીકેએન્ડ માં રમાડવામાં આવશે. જે ૨૦-૨૦ ઓવરનાં ફોર્મેટમાં રમાડવામાં આવશે.

| | | |
|---|---|---|
| **ટીમ નેટસ** | : | ૧-૪-૧૬ થી ૨૨-૪-૧૬ સુધી |
| **ઓપનીંગ સેરેમની** | : | ૨૩-૪-૧૬ સવારે ૯ કલાકે ઠાકુર ગ્રાઉન્ડ, કાંદિવલી (વેસ્ટ) |
| **લીગ રાઉન્ડ** | : | ૨૩,૨૪ તથા ૩૦ એપ્રીલ. |
| **ક્વાટર ફાઈનલ** | : | ૧ મે ૨૦૧૬ |
| **સેમીફાઈનલ** | : | ૭ મે ૨૦૧૬ |
| **ફાઈનલ** | : | ૮ મે ૨૦૧૬, સવારે ૧૦.૦૦ પોયસર ગ્રાઉન્ડ, કાંદિવલી, વે. |
| **પ્રાઈસ વિતરણ તથા સત્કાર સમારંભ** | : | ૮ મે - સાંજના ૬.૦૦ વાગ્યે (કાંદિવલી બાળાશ્રમ) |

### શબ્દ

શબ્દ મારે છે, શબ્દ તારે છે,
અને શબ્દ ડુબાડે છે.
શબ્દ હસાવે છે, શબ્દ રડાવે છે,
અને શબ્દ ફસાવે પણ છે.
શબ્દ માથુ અપાવે છે.
અને શબ્દ માથું કપાવે પણ છે.
શબ્દ અમૃત છે,
અને શબ્દ વિષ પણ છે.
શબ્દ સાધના છે,
અને શબ્દ વાસના પણ છે.
શબ્દ આગ લગાવે છે
અને શબ્દ શાંતી પણ અપાવે છે.
શબ્દ સાથે રમત ન કરીયે
શબ્દનો ઉપયોગ સાવધાનીથી કરીએ
જીવનમાં બીજાનું સારૂ ન થાય તો કાંઈ નહીં પરંતુ બીજાનું
ખરાબ ન કરાય તો પણ ઘણું છે.

**– કિશોરભાઈ આર. અઢિયા - બોરિવલી (વેસ્ટ)**

## આર્થિક સહાય સમિતીનો રીપોર્ટ
## શ્રી મનોજભાઈ ગઢીયા તથા શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાએ કરેલ વીઝીટનો અહેવાલ

દર વરસે દિવાળીમાં મિઠાઈ વિતરણ સમયે આર્થિક સહાય મેળવતા સભ્યોને નિઃશુલ્ક ૦।।-૦।। કિલો મિઠાઈ, ફરસાણ તથા અનાજ આપવામાં આવે છે. ફક્ત દિવાળીમાં એક જ વખત અનાજ અપાય છે.

જ્યારે ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા દર બે મહિને રાહતદરે ૧૦ થી ૧૨ કિલો અનાજ આપવામાં આવે છે. તો આપણી પાસે આર્થિક સહાય મેળવતા જે સભ્યો અનાજ ન લેતા હોય કે લેવા આવી શકે તેવી પરિસ્થિતિમાં ન હોય તેવા સભ્યોના ઘરે એક વખત વીઝીટ કરી તેમની પરિસ્થિતિની ચકાસણી કરીને તેઓને પણ મહિલા સમાજ દ્વારા જ અનાજ વિતરણ કરી શકાય તે માટે ૧૫ પરિવારોના ફોર્મ અલગ રાખી તેઓની વિઝીટ કરવા જવાનું નક્કી કર્યું હતું જેમાંથી ૭ પરિવારોની વીઝીટ કરેલ છે.

આ પરિવારોની પરિસ્થિતિ ગયા વરસ ૨૦૧૪-૨૦૧૫ જેવી જ છે અને તેઓ ત્યાં જ રહે છે માટે આ ૧૫ પરિવારોને માર્ચ ૨૦૧૬ સુધી જે મુજબ આર્થિક સહાય આપવામાં આવે છે તે પ્રમાણે જ આપવા વિનંતી તથા અન્ય એક બહેનની આર્થિક સહાયમાં ઓકટોબર ૨૦૧૫ થી રૂા. ૨૫૦૦/- નો વધારો કરેલ છે. તો તેમના પ્રતિ માસના રૂા. ૫,૦૦૦/- મુજબ આર્થિક સહાય આપવા ભલામણ કરેલ.

**- કન્વીનર આર્થિક સહાય સમિતી (શ્રી ઘોઘારી લોહાણા મહાજન)**

**નોંધ : આપણી વાડીમાં દર રવિવારે સાંજે ૪ થી ૭ દરમ્યાન ઉંમર લાયક છોકરા-છોકરીના વેવિશાળ માટે પરિચય મિલન શ્રી અરવિંદભાઈ ગોટેચા અને શ્રી રમેશભાઈ દ્વારા ચલાવવામાં આવે છે. તેનો લાભ લેવા વિનંતી.**

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યકરોની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસકોલ્ડ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પણ આપણા મોબાઈલમાંથી એક મીસ્ડકોલ નંબર ૦૨૨૪૫૩૦૦૦૦૬ આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે. અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ - કાર્યવાહીની જાણ એસ.એમ.એસ દ્વારા થશે.

# જીવનની સમી સાંજનો રંગ

ભગવાન સૂર્યનારાયણનો ઉદય થાય ત્યારે ઉષાના જે રંગો જોવા મળે છે તેવા સુંદર રંગ સંધ્યા સમયે પણ આકાશમાં જોવા મળે છે. આવા સુંદર દ્રશ્યોમાંથી પ્રેરણા લઈને ૭૭ વર્ષની જૈફ ઉંમરે સ્વસ્થ અને આનંદમાં રહીને ચિત્રકામ કરતા કુમુદબેન જસાણીના ચિત્રોનું એક પ્રદર્શન હમણાં જ મુંબઈની પ્રખ્યાત જહાંગીર આર્ટ ગેલેરીમાં યોજાઈ ગયું.

હું ખુબ કામ કરું છું છેલ્લા દોઢ વર્ષથી તો મોટા ભાગે કોઈને મળી પણ નથી. ભગવાનની દયાથી મારી તબિયત સારી છે. દિવસના ચાર-પાંચ કલાક પેન્ટિંગ કરી શકું છું. મને અને મારા પેન્ટિંગ્સને એકબીજાની કંપની ખૂબ ગમે છે.

આ શબ્દો છે ગયા અઠવાડિયે મુંબઈની પ્રખ્યાત જહાંગીર આર્ટ ગેલરીમાં ત્રીજી વખત પોતાનાં પેન્ટિંગ્સનું એક્ઝિબિશન યોજનારા ૭૭ વર્ષના જૈફ કુમુદ જસાણીના.

ચિત્રકળાને જ પોતાના જીવનનો અર્થ સમજનારા કુમુદબહેન અત્યાર સુધી કુલ ચાર પ્રદર્શન યોજી ચૂક્યા છે. પેસ્ટલ કલર્સમાં એમની નિપુણતા છે. આ વખતના એમના પ્રદર્શનનો થીમ હતો રિમેમ્બરિંગ ઉત્તરાખંડ લેન્ડસ્કેપ્સ. કુમુદબહેન આ વિશે કહે છે.

૧૯૮૯માં સૌ પ્રથમવાર હું મારા કુટુંબ સાથે ચાર ધામની યાત્રાએ ગઈ હતી. ત્યારબાદ પાંચેક વાર થોડા થોડા અંતરે ત્યાં ગઈ છું. મને ચાર ધામે અંગત રીતે બહુ જ આકર્ષી છે. જો કે ૨૦૧૩માં ઉત્તરાખંડમાં કુદરતી આફત આવી અને સ્વર્ગ જેવી આ જગ્યા વેરાન બની ગઈ ત્યારે મારું હૃદય દ્રવી ઊઠ્યું. પછી તો મેં લીધેલા ફોટોગ્રાફસમાંથી શોર્ટ લિસ્ટ કરીને એમાંથી પેન્ટિંગ બનાવવાનું શરૂ કર્યું.

કુમુદબહેને ઉત્તરાખંડની દરેક મુલાકાત વખતે ઘણા ફોટા પાડ્યા હતા. એટલે એમાંથી ક્યા ફોટાનાં ચિત્રો દોરવા એ નક્કી કરવું અઘરું હતું. આમ છતાં એમણે એ કામ કર્યું. આ વખતના એક્ઝિબિશનમાં એમનાં ૩૬ પેન્ટિંગ રાખવામાં આવ્યા હતા. પેસ્ટલ્સ એમનું મનપસંદ માધ્યમ હોવાને કારણે લેન્ડસ્કેપ્સ માટે ફરી એમણે આ જ માધ્યમ પસંદ કર્યું. આમ ઉત્તરાખંડ કાગળ પર જીવંત થયું.

કુમુદબહેનનું બેકગ્રાઉન્ડ પણ રંગબેરંગી છે. વલસાડ પાસે આવેલા ધરમપુરમાં એમનો જન્મ. નવ સંતાનમાં કુમુદબહેન છઠ્ઠા નંબરનાં. એમના પપ્પા ગ્રેજ્યુએટ. પરિણામે એ ઘરમાં બધાં ભણેલ-ગણેલ, જોબ કરે એવી વિચારધારા ધરાવતાં. કુમુદબહેન ડ્રોઈંગ સારું કરતાં, સ્કૂલમાં હતાં ત્યારે કોઈ તાલિમ નહીં, છતાં ઘરમાં મળતા પ્રોત્સાહનને કારણે ૧૯૫૮માં એકલા મુંબઈ આવ્યા અને જે.જે.સ્કુલ ઓફ આર્ટસમાં એડમિશન લીધું. ત્યાર બાદ થોડો વખત બરોડામાં અને મુંબઈમાં સેન્ચુરીમાં નોકરી કરી. એ જ અરસામાં જ્ઞાતિના યુવક ચંદ્રકાંતભાઈ સાથે એમના લગ્ન થયા. કુમુદબહેન કહે છે, મારી નોકરી ચાલુ હતી. ઘરના પણ સાથ-સહકાર આપતા, પણ મને દીકરી જન્મતાં મેં નોકરી છોડી દીધી. ટીચિંગ લાઈનમાં જવા વિશે વિચાર્યું. ટીચર ટ્રેનિંગનો કોર્સ કર્યો. આર્ટમાં ડિપ્લોમાં કર્યું અને ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવી.

કુમુદબહેનને એલ.એસ.રાહેજા કોલેજ ઓફ આર્ટસમાં નોકરી મળી. પચ્ચીસ વર્ષ સુધી કાર્યરત રહેનારાં કુમુદબેન આ વર્ષોમાં પણ આર્ટ એક્ઝિબિશન, સ્પર્ધામાં ભાગ લેતા. અત્યાર સુધી કુમુદબહેનને બોમ્બે આર્ટ સોસાયટી સેનેટરી પર એવોર્ડ ફોર પોટ્રેટ પેન્ટિંગ, મહારાષ્ટ્ર સ્ટેટ આર્ટ એવોર્ડ ફોર લેન્ડસ્કેપ પેન્ટિંગ વગેરે જેવા ઢગલાબંધ એવોર્ડસ મળ્યા છે. એમનાં પેન્ટિંગ્સ મુંબઈની અને વિદેશની મલ્ટિનેશનલ કંપનીઓએ ખરીદ્યાં છે.

મુંબઈના પરા સાંતાક્રુઝમાં રહેતા કુમુદબહેનના પતિ ચારેક વર્ષ પહેલાં અવસાન પામ્યા અને એમની દીકરી અમેરિકામાં સેટલ થઈ ગઈ. પરિણામે સાવ એકલાં રહેતાં કુમુદબહેનને જીવન વિશે કોઈ પણ ફરિયાદ નથી. એમને મન એમના રંગો જ એમના જીવનમાં ઉજાસ પાથરી રહ્યા છે એ કહે છે, ભગવાનની દયાથી મને કોઈ બિમારી નથી. રોજ પ્રાણાયામ, કસરત કરું છું અને ચાલવા જાઉં છું. બાકીના સમયમાં ભજન ગાવાં ગમે, ગીતાપાઠ કરું અને બે - ત્રણ ટી.વી. સિરિયલ પણ જોઉં. મને કાંઈ એકલું નથી લાગતું. હું અને મારી જિંદગી અમે બન્ને એક બીજાને ભરપુર પ્રેમ કરીએ છીએ.

કુમુદબહેન જે ઉંમરનાં છે એ ઉંમરે પહોંચતા લોકો જીવનથી ત્રસ્ત થઈને નકારાત્મક વિચારવૃત્તિ ધરાવતા થઈ જતા હોય છે. પણ કુમુદબહેન અલગ છે અને અન્યોને પ્રેરણારૂપ છે. ❖❖❖


## અંધેરી સ્ટેશન સામે હૉલ

**શુભ પ્રસંગો, પ્રાર્થના સભા, શ્રીમદ્ ભાગવત સપ્તાહ માટે આપણી વાડીનો હૉલ તથા રૂમો ભાડે આપવામાં આવે છે. જ્ઞાતિજનો માટે કન્સેશન દર થી આપવામાં આવે છે. તેનો દરેક જ્ઞાતિજનોએ લાભ લેવો.**

# શ્રી લોહાણા મહાપરિષદની મુંબઈ સહ મહારાષ્ટ્રની મહિલા સમિતીની સુંદર કામગીરી

શ્રી લોહાણા મહાપરિષદની મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતીની એક બેઠકનું આયોજન શ્રીમતી રશ્મીબેન વિઠલાણીની અધ્યક્ષતામાં મુંબઈ ખાતે આવેલા શ્રી લોહાણા મહાપરિષદ ભવન ખાતે તા. ૫-૨-૧૬ના કરવામાં આવ્યું હતું. બહેનોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરાયા બાદ તેના અગ્રતાક્રમોનું વર્ગીકરણ કરવામાં આવ્યું. મહિલાઓના આરોગ્યના પ્રશ્નો માટેના કાર્યક્રમને પ્રાધાન્ય અપાયું. ત્યારબાદ બહેનો સ્વાવલંબી થઈ શકે, સુરક્ષીત રહી શકે, તેને લગતા કાયદાનું તેમને જ્ઞાન મળે, તે ઉપરાંત પ્રકૃતી, પર્યાવરણ, પાણી બચાવો, ધરા બચાવો જેવા પ્રશ્નો પર ચર્ચા વિચારણા કરવાનું પણ નક્કી કરાયું. બધી બહેનો મહાપરિષદ ભવન સુધી પહોંચી ન શકે તે માટે મુંબઈ મહારાષ્ટ્રના રઘુવંશીઓની બહોળી વસ્તી હોય તેવા અલગ અલગ વિસ્તારોની મુલાકાત લઈને મહિલા જાગૃતીનું અભિયાન કરવાનું નક્કી કરાયું.

આ મિટીંગમાં શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી વાંસતીબેન ગોકાણી, શ્રીમતી ભાવનાબેન કેસરીયા, શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી જ્યોતિબેન રાયચુરા, શ્રીમતી અંજનાબેન પંચમતીયા, શ્રીમતી અનસુયાબેન ઠક્કર, નેહાબેન ઠક્કર, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી ગીતાબેન વજાણી, શ્રીમતી સોનલબેન ઠક્કર, શ્રીમતી પ્રીતીબેન સોમૈયા તથા મુંબઈ, પાર્લા, કાંદિવલી, થાણા, નવી મુંબઈ, દહાણુ અને નાસીકથી આવેલા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સર્વાનુમતે નક્કી થયા મુજબ પ્રથમ કાર્યક્રમ મીરારોડ ખાતે ૨૭મી ફેબ્રુઆરી, ૧૯મી માર્ચે થાણા ખાતે બીજી એપ્રીલના દહાણું ખાતે, ચોથી જુને અંધેરી કાથે બીજી જુલાઈએ પૂના ખાતે તથા છઠ્ઠી ઓગષ્ટે નાસીક ખાતે અલગ અલગ વિષયો પર સેમિનાર તથા વર્કશોપનું આયોજન કરવાનું નક્કી કરાયું જેથી હરેક વિસ્તારની બહેનો આવા કાર્યક્રમોમાં હોશથી ભાગ લઈ શકે.

મીરારોડ (મુંબઈ) ખાતે તા. ૨૭-૨-૧૬ના યોજાયેલા કાર્યક્રમમાં મહિલાઓના આરોગ્યને લગતી સમસ્યાઓ ઉપર વિશેષ ધ્યાન અપાયું હતું. બહેનોમાં મોટા ભાગે એનેમીયા, રજોનિવૃત્તી (મેનોપોઝ), ઉપરાંત ડાયાબીટીસ, બી.પી., બ્રેસ્ટ કેન્સર તથા ગર્ભાશયના કેન્સરની બિમારીઓ દેખાતી હોય છે. આ સમસ્યાઓને ઓળખવા માટેના ચિન્હો તથા બિમારી લાગુ થઈ હોય તો તેના માટેના ઉપાયો સૂચવવા મીરારોડ ખાતે આ રોગોના નિષ્ણાત ડૉક્ટરોને બોલાવાયા હતા અને તેમની સાથે વિચાર વિમર્શ કરાયો હતો. ઉપરોક્ત પ્રોગ્રામનું આયોજન મીરારોડની મહાજનવાડીમાં કરેલ.

કુદરતની વધારે નજીક જઈને તેની ઓળખ કરવાના હેતુથી મહિલા સમિતીનો બીજો કાર્યક્રમ તા. ૧૯-૩-૧૬ના થાણાના યેઉર જંગલમાં આવેલા ફાર્મમાં આયોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં હાજર રહેલા બહેનો સાથે 'નિસર્ગ એક શાળા' તથા તેના દ્વારા માનવ જાતીને અપાયેલ અમૂલ્ય ભેટ પાણી, હવા તથા ધરાને કેવી રીતે જાળવવા જોઈએ, પ્રદૂષણને કેવી રીતે નાથવો જોઈએ તે માટે ચર્ચા કરાઈ હતી.

સંગીતાબેન ઠક્કરે યોગાસન દ્વારા સ્વાસ્થ્ય ઉપર સુંદર રજુઆત કરી હતી. હંસાબેન ખાખરીયાએ કુદરતની સૌથી સુંદર ભેટ સૂર્યનારાયણ દ્વારા પ્રાપ્ત થતી સૂર્યઉર્જા ઉપયોગ બાબતે તથા





રશ્મીબેન વિઠલાણીએ પાણી બચાવવા પર વિસ્તારપૂર્વક રજુઆત કરી હતી. સ્ત્રી પોતાના પરિવાર માટે સ્વાવલંબી કેવી રીતે બની શકે તેનું ઉત્તમ ઉદાહરણ પદમાબેન, હંસાબેન તથા પ્રીતિબેન સેજપાલે પુરૂ પાડયું હતું. પદ્‌માબેને નાની જગ્યામાં બટાટાવડા બનાવીને વેચાણ શરૂ કયું. આજે તેઓ પોતાનું રેસ્ટોરન્ટ ધરાવે છે. હંસાબેને નાના પાયે સાબુ બનાવવાનું શરૂ કર્યું આજે તેઓએ બજારમાં બે નવી બ્રાન્ડના અન્ય સાબુ વેચાણ માટે મૂક્યા છે. અને પોતાની એક પ્રતિષ્ઠા ઉભી કરી છે. પ્રિતીબેન સેજપાલ ઝેરોક્ષનું કામકાજ સંભાળીને પોતાના પગભેર સ્વમાનપૂર્વક ઉભા છે. આ ત્રણે બહેનોનું મહિલા સમિતી દ્વારા સન્માન કરાયું હતું. આ ઉપરાંત થાણામાં પ્રથમ મહિલા મંડળની સ્થાપના કરનાર વરિષ્ઠ બહેનો, હવેલીમાં ભક્તિભાવ પૂર્વક ૩૫ વર્ષોથી સેવા આપતી બહેનો તથા તબીબી વ્યવસાય સાથે સમાજ માટે સેવા કરવા તત્પર ડૉ. રીન્કીબેન ઠક્કરનું સન્માન કરાયું હતું. થાણાની બહેનોએ ગીરીરાજજીની આરતી, ભક્તિ સંગીત, માતાજીના ગરબા તથા હોળીના રસીયા સરસ રીતે ગાયા હતા.

સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા કરાયું હતું. થાણા લોહાણા મહાજને આપેલા સહકાર, સુવીધા અને સન્માન બદલ તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રીમતી રશ્મીબેન વિઠલાણી શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી અનસૂયાબેન ઠક્કર, શ્રીમતી દેવયાનીબેન ઠક્કર, નેહાબેન ઠક્કર, થાણાથી શ્રીમતી વાસંતીબેન ગોકાણી, નવી મુંબઈના શ્રીમતી ભાવનાબેન કેસરીયા, દહાણુથી શ્રીમતી ગીતાબેન વજાણી, શ્રીમતી સોનલબેન ઠક્કર, પૂનાથી શ્રીમતી અવનીબેન કુટમુટીયા, શ્રીમતી કૃતીબેન નાગ્રેચા તથા નાસીકથી શ્રીમતી અંજનાબેન પંચમતીયાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મહિલા સમિતીના કાર્યક્રમના ત્રીજા મણકામાં દહાણું ખાતે તા ૨-૪-૧૬ના સુંદર વર્કશોપનું આયોજન કરાયું હતું. દહાણુ લોહાણા મહાજનવાડીમાં શ્રીમતી રશ્મીબેન વિઠલાણી તથા મુંબઈ મહારાષ્ટ્રની બહેનોએ ગણેશજી પાસે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. દહાણુના પ્રખ્યાત મહાલક્ષ્મી મંદિરમાં માતાજીના દર્શન કરીને પાવન થયેલ બહેનોએ માતાજી વિશે તથા ભક્તિ વિશે સુંદર ચર્ચા કરી હતી. પૂજામાં વપરાતા પવિત્રા તથા તોરણ કેવી રીતે બનાવી શકાય, લગ્ન પ્રસંગે તથા પરિવારના શુભ પ્રસંગોએ સુંદર રીતે સુશોભન કેવી રીતે કરી શકાય તેની વિસ્તૃત સમજણ શ્રીમતી માધવીબેન સોમૈયાએ પ્રેકટીકલ રીતે આપી હતી.

નવરાત્રી દરમ્યાન માતાજીના નવસ્વરૂપ અને તેના મહત્વ સંબંધે સુંદર રજુઆત કરાઈ હતી અને તેના પરિણામ સ્વરૂપે બહેનોએ ઉત્સાહ પૂર્વક આનંદ ગરબા લીધા હતા. આ કાર્યક્રમ માટે મુંબઈ, થાણા, કલ્યાણ, નવી મુંબઈથી બહેનોએ હાજરી આપીને સ્થાનિક સ્તરે દહાણુની બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

દહાણું લોહાણા મહાજન તથા દહાણુ લોહાણા મહિલા મંડળે ખૂબજ સુંદર વ્યવસ્થા કરી હતી. જેમનો આભાર માનવામાં આવ્યો હતો.

સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ગીતાબેન વજાણી તથા શ્રીમતી સોનલબેન ઠક્કરે સફળતાપૂર્વક કર્યું હતું.

મહિલા સમિતીનો આગામી કાર્યક્રમ તા. ૨-૬-૧૬ના અંધેરી ખાતે ઘોઘારી લોહાણા મહાજનવાડીમાં કાયદાના ફાયદા વિષય પર રાખેલ છે. જેમાં હાજરી આપવાનું નક્કી કરીને બધા આનંદપૂર્વક છુટા પડયા હતા.

---

**(પાના નંબર ૧૯ થી ચાલુ)**

કાર્યકર્તાઓ, શ્રેષ્ઠીઓના સહકારથી સતત પ્રયત્નો કરવામાં આવે છે. થેલેસેમીયા નાબૂદી ચળવળનના ભાગરૂપે ગુજરાત સરકારના આરોગ્યમંત્રી મા. શ્રી નિતીનભાઈ પટેલને ગાંધીનગર ખાતે રૂબરૂ મળી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી મિતલ ખેતાણી, આરોગ્ય સમિતીના ડૉ. નંદલાલ માનસતા, સૌરાષ્ટ્ર વિભાગના અગ્રણી યોગેશ પૂજારા, રમેશભાઈ ઠક્કર દ્વારા એક વિસ્તૃત આવેદનપત્ર આપવામાં આવ્યું જે અંતર્ગત ગુજરાત રાજ્યની તમામયુનિવર્સિટીમાં પ્રથમવર્ષના વિદ્યાર્થીઓને એડમિશન સમયે, યુનિવર્સિટી દ્વારા જ નિ:શુલ્ક થેલેસેમીયા ટેસ્ટ કરાવી પ્રવેશ અપાય તેમજ તમામ સિવિલ હોસ્પિટલમાં, રેડક્રોસની વિવિધ શાખાઓમાં, વિવિધ કેમ્પોમાં આ ટેસ્ટ નિ:શુલ્ક કરી આપવામાં આવે. (જેનો ખર્ચો સરકાર શ્રી ભોગવે) તેવી વિનંતી કરાઈ. આરોગ્ય મંત્રી શ્રી નીતીનભાઈ પટેલ પણ અત્યંત હકારાત્મક તેમજ માનાવતાવાદી અભિગમ સાથે જેમ પોલીયો રોગની નાબૂદી કરવામાં સરકારને, સંસ્થાઓને સફળતા મળી તેજ રીતે થેલેસેમીયા નાબૂદી કરવામાં પણ પોતાની તેમજ સરકારની કટિબદ્ધતા દર્શાવી હતી અને આ અંગેના વિવિધ પાસાઓની વિસ્તૃત રીતે ચર્ચા કરી આવેદનપત્ર અંગે અભ્યાસ કરી ગંભીરતાપૂર્વક વિચારવાની સંવેદનશીલતા પૂર્વકની ખાત્રી આપી હતી.

થેલેસેમીયા નાબૂદીનું હજુ વધુ અભિયાન સરકારી તંત્રો, સંગઠનો, સંસ્થાઓ, જ્ઞાતિઓ, મેરેજબ્યુરોના સંચાલકો, સ્કુલ, કોલેજો, યુનિવર્સિટીઓ ઉપાડે તેવી માંગ ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ કરેલ છે.

# રાસ - ગરબા

આપણી સંસ્થા શ્રી ઘોઘારી લોહાણા મહાજન-મુંબઈ દ્વારા સૌ પ્રથમ વખત શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈ સાથે સંયુક્ત રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન તા. ૨૫-૧૦-૧૫ને રવિવારના સાંજે ૫.૦૦ વાગ્યાથી નિલેશ ઠક્કરના સથવારે ભૂરાભાઈ હોલ (ગ્રાઉન્ડ) કાંદિવલી (વેસ્ટ) મધ્યે રાખવામાં આવેલ. જેમાં બંન્ને સંસ્થાના મળીને કુલ ૧૨૦૦ સભ્યોએ ભાગ લીધો હતો તથા બાળાશ્રમનાં ૨૦૦ બાળકો હાજર હતા.

આ કાર્યક્રમમા શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, અજીતભાઈ ઠક્કર, જનકભાઈ ઠક્કર, મહેશભાઈ રાજા, રશ્મિબેન વિઠલાણી, દીપકભાઈ વસાણી, કનુભાઈ અજીત વસાણી, પ્રકાશભાઈ, ધર્મીબેન, દેવેન્દ્રભાઈ, જતીન પોપટ સહયોગી સભ્યો સાથે હાજરી આપી હતી. તથા આપણા ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રીઓ સર્વશ્રી રમેશભાઈ વસાણી, શ્રી વિનુભાઈ વસાણી, શ્રી સુરેશભાઈ સુચક તથા હાલાઈ લોહાણા મહાજન-મુંબઈના પ્રમુખ શ્રી સતીષભાઈ દત્તાણી, મે.ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા તથા પદાધિકારીઓએ હાજરી આપીને આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. સૌએ ખૂબ આનંદમાં આ પ્રસંગને માણ્યો હતો. અને આ રીતે બીજા ઘણા કાર્યક્રમોનું સંયુક્ત રીતે આયોજન કરવાનું નક્કી કર્યુ હતુ. તથા (અલ્પાહાર) પ્રીતી ભોજનને ન્યાય આપ્યો હતો. શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા દેવેન્દ્રભાઈ સોમૈયાએ આ પ્રોગ્રામનું આયોજન હાલાઈ લોહાણા મહાજન-મુંબઈ સાથે બહુ સરસ રીતે પાર પાડયું હતું.

સ્નેહ મિલન તથા સન્માન સમારંભનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૨-૧૧-૧૫ ના રવિવારના રોજ સાંજે ૬ વાગ્યાથી કરવામાં આવલું. જેનો રીપોર્ટ આ અંકમા અન્યત્ર આપવામાં આવ્યો છે.



# દિવાળી મીઠાઈ વિતરણ



દર વરસની જેમ આ વરસે પણ દિવાળી પર્વ નિમિત્તે રાહતદરે તા. ૭ તથા ૮ નવેમ્બર ૨૦૧૫ના મિઠાઈ-વિતરણનું આયોજન કરવામાં આવેલ જેમાં કાજુકતલી રૂા. ૪૦૦/- મોહનથાળ રૂા. ૧૫૦/- તથા તીખી સેવ અને ચેવડાનું રૂા. ૧૦૦/- ના ભાવે વિતરણ કરવામાં આવેલ. જેનો લાભ ૩૬૫ જ્ઞાતિના પરિવારોએ લીધો હતો.

તથા આર્થિક સહાય મેળવતા સભ્યોને દરેક વસ્તુ અડધો અડધો કિલો નિઃશુલ્ક આપવામાં આવેલ અને દિવાળીમાં દર વરસની જેમ ૨૪ કિલો અનાજ આપવામાં આવેલ. મીઠાઈ વિતરણમાં વિનોદભાઈ ગઢીયા, પ્રકાશભાઈ મગદાણી, લક્ષ્મિકાંતભાઈ, ધર્મીબેન મગદાણી, રાજેન્દ્રભાઈ રાયચુરા, મનોજભાઈ ગંઢીયા, જતીનભાઈ પોપટ વગેરેએ હાજર રહી કાર્ય કરેલા. કાર્યકરોને પ્રોત્સાહન આપવા પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી, મે.ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, શ્રી કનુભાઈ મગદાણી, શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, ડૉ. સૂર્યાબેન રૂપારેલિયા હાજર હતાં.



ગયા વર્ષની માફક આ વર્ષે પણ કાંદિવલી અને ઘાટકોપરથી પણ મીઠાઈ વિતરણ કરેલ.

❖ ❖ ❖ ❖ ❖

# આપણા વડીલો ઉપાર્જીત મિલકતો વિશે જાણકારી

આપણા સમાજના વડીલોએ દૂરંદેશી વાપરીને સ્થાવર મિલકતોમાં રોકાણ કર્યું હતું. અને સમાજના જરૂરીયાતમંદ પરીવારોને સહાય મળી રહે તેવું આયોજન કર્યું હતું.

શેઠ શ્રી ખીમજી ભગવાનદાસનું તે જમાનાનું માતબર અનુદાન આજે વટવૃક્ષ બનીને ઉભું છે. અને જરૂરીયાતમંદોને ખૂબ ઉપયોગી નીવડયું છે.

તળ મુંબઈમાં આવેલી ઝીણા બોઘાની વાડી તરીકે ઓળખાતી સમાજની મિલકત આપણા હાથમાંથી જતી રહી હતી, પરંતુ હાલના મહાજનના હોદ્દેદારો તથા શ્રી નિમેષભાઈ સયાણીના માર્ગદર્શન થકી ફક્ત રૂા. ૮૦ લાખમાં વેચાઈ ગયેલી એ મિલકતનો કબજો આપણે પરત મેળવ્યો છે. ડેવેલોપરને તેની રકમ મહાજન દ્વારા પરત અપાઈ ગઈ છે, અને કબજો મેળવવાના ટૂંક સમયમાં સમાજને રૂા. ૭૨ લાખ જેવી રકમ ટ્રાન્સફર ફી તરીકે મળી છે અને બીજા રૂા. ૩૦ થી ૪૦ લાખ મળવાની સંભાવના છે. આમ મહાજનશ્રી ચૂકવેલ રકમ પરત મળી ગયા પછી કરોડોની આપણી આ મિલકત આપણા કબજામાં છે.

આવી જ એક મિલકત શેઠ શ્રી ત્રિભોવન ગીરધરની પાર્લા સ્ટેશનની નજીક આવેલી છે. ત્રિભોવન ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ મિલકત ડેવલોપ કરવા માટે પ્રગતી બિલ્ડર્સનો સંપર્ક કર્યો છે. આ પ્રગતી બિલ્ડર્સને મહાજનના ભૂતપૂર્વ હોદ્દેદારો જેઓ ત્રિભોવન ગીરધરમાં પણ ટ્રસ્ટી છે, તેને અંધેરીની પાલીરામ રોડની આપણી મહાજનવાડી ડેવલોપ કરવા માટે આપેલી હતી. પ્રગતી બિલ્ડર્સે આપણી વાડીની F.S.I. પોતાના પ્રોજેક્ટમાં વાપરી નાખી, પોતાનું કામ કરી લીધું અને આપણી વાડીનું કામ બિલકુલ કર્યું નહી. મહાજનશ્રીએ પ્રગતી બિલ્ડર્સ પાસેથી માતબર રકમ મેળવવાની છે, તે પણ આપણને મળતી નથી.

મહાજનશ્રી ત્રિભોવન ગીરધરના હાલના ટ્રસ્ટીઓ તથા મહાજનના આ ભૂતપૂર્વ હોદ્દેદારોને જાહેર વિનંતી કરે છે કે પ્રગતી બિલ્ડર્સના તમારા સારા સંબંધોનો ઉપયોગ કરીને સમાજના બહોળા હિતમાં મહાજને લેવાની રકમ મેળવવા માટે બિલ્ડર પર દબાણ લાવે.

ત્રિભોવન ગીરધર ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વેલ્યુએશન રીપોર્ટ કઢાવ્યો છે તે મુજબ મિલ્કતના ડેવલોપમેન્ટ પછી ખર્ચ બાદ કરતા લગભગ સાડા ચાર થી પાંચ કરોડ જેવો નફો થાય છે. આવો જ વેલ્યુએશન રીપોર્ટ આપણા સમાજના હિતમાં કોઈ સ્વતંત્ર ઓથોરીટી પાસે કઢાવીએ તો આ નફાનો આંકડો દસ કરોડથી પણ વધારે થવાની સંભાવના છે.

આપણા સમાજના મહાજન વતી શ્રી સતિષભાઈ વિઠલાણી તથા શ્રી જનકભાઈ ઠક્કરે ત્રિભોવન ગીરધર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું આ હકીકત પ્રત્યે ધ્યાન દોર્યું હતું. પરંતુ તેમના તરફથી કોઈ સાનુકુળ પ્રતિભાવ મળ્યો ન હતો. આ ભાઈઓએ ફરી એક વખત ત્રિભોવન ગીરધરના ટ્રસ્ટીઓ શ્રી જયંતીભાઈ સેજપાલ તથા ડૉ. શ્રી જીમુલીયા સાહેબ સાથે મુલાકાત કરી હતી અને શ્રી ઘોઘારી લોહાણા મહાજન તથા શ્રી ત્રિભોવન ગીરધર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સાથે મળીને ત્રિભોવન ગીરધરની મિલકતને વ્યવસ્થીત રીતે ડેવેલોપ કરે, જેથી આપણા સમાજને વ્યવસ્થીત વાડી મળી શકે તથા આપણા પૂર્વજ ત્રિભોવન ગીરધરે પોતાની મિલ્કત સમાજ ઉપયોગી કાર્ય માટે અર્પણ કરી હતી તે ઉદેશ્ય પણ પૂર્ણ થાય.

ત્રિભોવન ગીરધરની આ મિલ્કત પાર્લા સ્ટેશનની નજીક આવેલી છે. તેનો એરીયા લગભગ ૧૦૦૦ ચો. મીટર જેટલો છે અને હાલમાં ત્યાં ૨૬ ભાડુતો છે. અગર આપણે સાથે મળીને ડેવેલોપ કરીએ અને આ ૨૬ ભાડુતો સાથે સમજૂતી કરી શકાય તો બેઝમેન્ટ સાથે ગ્રાઉન્ડ વત્તા બે થી ત્રણ માળનું મકાન બનાવી શકાય. વિમાની મથક નજીક હોવાથી અહીં મકાનની હાઈટ વધારવા અંગે અવરોધ આવે તેમ છે. આ મકાનમાં ૮૦૦૦ થી ૧૦૦૦૦ ફૂટનો વિવિધ લક્ષી હોલ, ઉપરાંત ઉપરના માળમાં આરોગ્યને લગતી અથવા શિક્ષણને લગતી પ્રવૃત્તીઓ કરી શકાય. આમ સમાજના હિતમાં એક વિશીષ્ટ નક્કર કાર્ય થાય અને આપણા પૂર્વજોની અંતીમ ઈચ્છા પણ પૂર્ણ થાય.

સમાજના બહોળા હિતમાં તથા જરૂરીયાતમંદોને વધારે સહાયરૂપ થઈ શકાય તેવું સ્વપ્ન આપણા પૂર્વજોએ સેવ્યું હતું, તે પૂર્ણ કરી શકીએ તેવા એક માત્ર હેતુથી સમાજના આ શ્રેષ્ઠીઓ નમ્ર વિનંતી છે કે વ્યક્તિગત અહમ્ કોરાણે મૂકીને સમાજના બહોળા હિતમાં આપણે બધાં સાથે મળી કામ કરીએ અને ઘોઘારી લોહાણા સમાજની ભવિષ્યની પેઢીને લાભદાયક થાય તેવા સુંદર કાર્યો કરીએ. ❖❖❖

# સંતશ્રી ભાણસાહેબના સમાધિ સ્થાન કમીજલામાં શ્રી લોહાણા મહાપરિષદના ઉપક્રમે યોજાયું વિશાળ આંતરરાષ્ટ્રીય રઘુવંશી મહાસંમેલન

## મહાસંમેલનમાં દેશ-વિદેશના ૩૫,૦૦૦ થી વધુ રઘુવંશીઓની ઉપસ્થિતિ

લોહાણા સંત કવિ પૂ. ભાણસાહેબના સમાધિ સ્થળ કમીજલા ખાતે પૂ. મોરારીબાપુની રામકથાના બીજા દિવસે ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૬ને રવિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા યોજાયેલા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનને અદ્દ્ભુત અને ભવ્ય સફળતા સાંપડી હતી. સંમેલનના અપેક્ષા કરતાં પણ વધારે રઘુવંશી લોહાણા સમાજના ભાઈ-બહેનો, વડીલો, બાળકો, યુવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. બરાબર ૪.૦૦ કલાકે હનુમાન ચાલીસાથી શરૂ થયેલ આ મહાસંમેલનમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ઉપરાંત દેશ અને વિદેશના લોહાણા સમાજના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. અંદાજે ૩૫,૦૦૦ થી પણ વધુ લોહાણા જ્ઞાતીજનોની ઉપસ્થિતિમાં સંમેલન સ્થલે પૂ. જલારામ બાપાની જય અને પૂ. ભાણસાહેબની જય અને જય રઘુવંશના નાદ સાથે ઉત્સાહપૂર્ણ માહોલ સર્જાયો હતો.

સમેલનના પ્રારંભમાં શ્રી રઘુવંશી લોહાણા સમાજના ગૌરવશાળી ઈતિહાસની ગાથા પ્રસ્તુત કરતી દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી એ પહેલાં શ્રી લોહાણા મહાપરિષદના ૨૦૧૫માં વરાયેલા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના શપથવિધિ સમારોહમાં પ્રસ્તુત થયેલ કાર્યક્રમોની વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી. તે પછી સ્વાગત ગીત અને નૃત્ય દ્વારા કાર્યક્રમનો સુંદર પ્રારંભ થયો હતો. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું હતું. તે પછી મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મહાપરિષદની અત્યાર સુધીની કાર્યવાહીનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. તેમણે મહાપરિષદ દ્વારા ચાલી રહેલા પ્રોજેક્ટસ્ અને આગામી દિવસોમાં શરૂ થનારા પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી આપી હતી. મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ સુંદર પ્રવચન કર્યું હતું. ત્યારબાદ રામકથા આયોજન સમિતિના વડા અને દાતાશ્રીએ ઉદ્દ્બોધન કર્યું હતું. તે પછી શ્રી પોપટભાઈ અખાણીએ પણ સમગ્ર આયોજનને બિરદાવ્યું હતું તે દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું આગમન થયું હતું. પછી મહાપરિષદના પ્રમુખશ્રી શ્રી પ્રવિણભાઈ કોટકે વિશાળ સંમેલનને સંબોધન કર્યું હતું. તેમણે સમેલનમાં હાજર રહેલા વિશાળ સમુદાય પ્રત્યે આભાર અને ધન્યવાદની લાગણી પ્રગટ કરતાં રઘુવંશી સમાજ માટે પરિષદના માધ્યમથી ઉત્કર્ષના કાર્યો કરવા માટે સમાજ અને સંતો પાસેથી આશીર્વાદ માગ્યા હતા. તેમણે મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને તેમની સરકાર દ્વારા ગુજરાતના વિકાસની ચાલી રહેલી કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમણે મહાપરિષદ દ્વારા ચાલી રહેલા કાર્યો માટે રઘુવંસી સમાજના સહકાર અને સમર્થનની અપેક્ષા વ્યક્ત કરી હતી.

જ્ઞાતી શ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ વિશાળ મેદનીની હાજરી પ્રત્યે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે મેં છેલ્લે પંચમ અધિવેશન વખતે કલકત્તામાં હાજરી આપી હતી ત્યારે પણ ૮૯૦૦ જેટલા રઘુવંશીઓની હાજરી નોંધાઈ હતી. આટલી વિશાળ મેદનીની હાજરી પ્રવિણભાઈ પ્રત્યે પ્રેમ તથા આદરની નિશાની છે.





સંમેલનના પ્રમુખ શ્રીએ એક મહત્વની જાહેરાત કરતાં અંબાજી ખાતે મહાપરિષદ દ્વારા હાથ ધરવામાં આવનાર હોસ્પિટલ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ્સ દ્વારા તમામ દર્દીઓની જ્ઞાતીના ભેદભાવ વગર વિનામૂલ્યે સારવાર અપાશે. આ પ્રોજેક્ટ્સમાં M.O.U. ટૂંક સમયમાં થયા બાદ તેના ભવ્ય ઉદ્દ્ઘાટનનો કાર્યક્રમ યોજાશે. તેમણે રઘુવંશી સમાજની સેવા અને સમર્પણની પરંપરાને આગળ ધપાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી અને ગુજરાતના કન્યા કેળવણીના કાર્યો માટે ૫,૧૧,૦૦૦/- નો ચેક મુખ્ય મંત્રીને અર્પણ કર્યો હતો. સંમેલનમાં વિદેશ વિભાગના હોદ્દેદારોની નિયુક્તિ જાહેર કરી તેમને નિમણૂંક પત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સંમેલનને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંબોધન કરી લોહાણા સમાજના કાર્યોની અને સંગઠનની પ્રશંસા કરી હતી. તેમણે ગુજરાત સરકાર દ્વારા રાજ્યોમાં ચાલી રહેલા કન્યા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે હાથ ધરાયેલા કાર્યની માહિતી આપી હતી. તેમણે લોહાણા મહાપરિષદ દ્વારા શરૂ કરાયેલ રક્તદાન પ્રોજેક્ટની પણ પ્રશંસા કરી આવા કાર્યો માટે ધન્યવાદ આપ્યા હતા તે પછી પૂ. શ્રી મોરારીબાપુએ સંમેલનના વિશાળ રઘુવંશી સમાજની ઉપસ્થિતિથી અત્યંત રાજીપો વ્યક્ત કર્યો હતો અને પુરબહારમાં ખીલીને મુક્ત રીતે સમાજના આગેવાનોને તેમની કામગીરી માટે પ્રશંસા કરી બિરદાવ્યા હતા. તેમણે રઘુવંશી વ્યક્તિના ત્રણ લક્ષણો જણાવી સમાજને રઘુવંશી આદર્શો પર ચાલવાની અને તેને વળગી રહેવાની શિખ આપી હતી.

આ મહાસંમેલનમાં ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, હાલાઈ લોહાણા મહાજનના મે. ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, ડૉ. સુરેશભાઈ પોપટ, શ્રીમતી મીનાબેન ઠક્કર તથા જ્ઞાતિના અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

સવારે પૂ. મોરારીબાપુની રામકથા પૂર્ણ થયા બાદ થયેલ સમૂહ આરતીમાં શ્રી સતિષભાઈ વિઠલાણી તથા વિદેશથી પધારેલા મહાનુભાવોએ તેનો લાભ લીધો હતો.

વિદેશથી પધારેલા યુ.કે.ના શ્રી રશ્મીભાઈ ચતવાણી, મસ્કતના શ્રી દિલીપભાઈ પજવાણી, ઓમાનના શ્રી જીતેન્દ્રભાઈ તન્ના, યુ.એસ.એ. થી શ્રી સુરૂભાઈ માણેક, આફ્રીકાથી પધારેલા શ્રી અરૂણભાઈ સામાણી વગેરેએ હાજરી આપીને માતૃસંસ્થાના કાર્યોને વિદેશમાં વેગ આપવા કટીબધ્ધતા વ્યક્ત કરી હતી. ✤✤✤✤✤

## એક વિશેષ જાહેરાત

મિત્રો જન્મથી જે બાળક બહેરું મુંગું હોય તેને ૬ વર્ષની ઉંમર સુધી યોગ્ય ઓપરેશન દ્વારા સર્જરી કરવામાં આવે તો તેને નોર્મલ બનાવી શકાય છે.

- ✤ આ ઓપરેશનનો ખર્ચ હાલના સમયમાં ૧૦ થી ૧૨ લાખનો થાય છે પરંતુ તે ઓપરેશન પેશન્ટને ૧૦૦ ટકા સહાયથી સી.યુ. શાહ હોસ્પીટલ મોરબી તથા ડૉ. ખંધાર સાહેબ દ્વારા ઓપરેશન માટે કરવામાં આવશે.
- ✤ માટે આપના વિસ્તારમાં પરીચયમાં કોઈ હોય તો આપ જરૂર થી લાયન્સ કલબ ઓફ મોરબીના શ્રી ચંદ્રકાંતભાઈ દફતરીનો સંપર્ક કરશો. એમનો મોબાઈલ નંબર: ૯૮૨૫૨૨૩૧૯૯
- ✤ માનવતા અને સેવાના કાર્યમાં સી.યુ.શાહ હોસ્પીટલ દ્વારા સંપુર્ણ સહયોગ છે અને તમામ ટ્રીટમેન્ટ નિ:શુલ્ક છે.
- ✤ આ સગવડનો લાભ દરેક ગુજરાતમાં રહેતા પરિવારો લઈ શકે છે. અને મુંબઈમાં પણ રહેતા આવા પરિવારોને જો તેમની પાસે ગુજરાતમાં વસવાટનો દાખલો/ રેશનીંગ કાર્ડ હશે તો આવા પરિવારોને આ લાભ મળી શકે છે.
- ✤ તમારી આજુબાજુમાં કોઈ આવા છોકરાઓ રહેતા હોય તો તેમના માબાપને આની જાણ કરી કોઈકને સારું જીવન જીવવાની પ્રેરણા આપી તમો પણ સહભાગી થઈ શકો છો સત્કાર્ય કરવા.

# મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પનો અહેવાલ

